પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special-cp-sur@gujarat.gov.in

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-**

**ક્રમાંક : એસ.બી./ગણેશ મહોત્સવ-સુધારેલ/૧૪૮ /૨૦૨૫**

## :: જાહેરનામુ ::

સુરત શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક મનાવવામાં આવે છે. સુરત શહેરમાં **આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે જયારે શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિર્સજન, સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નીકળનાર છે.** સ્થાપના થયા તારીખથી વિર્સજનની તારીખના દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓના કદ બાબતે ઊંચાઇનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો-વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શકયતા રહે છે તેમજ મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઉપરાંત મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોના ઉપયોગ થતો હોય આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઇડલાઇનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન) એક્ટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્રનં. ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ, તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઇકોર્ટ ની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

### :: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

### :: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ૦૯ (નવ) ફુટ કરતા વધારે ઉચાઇની બનાવવા, વેચવા, સ્થાપના કરવા ઉપર. (તમામ મુર્તીઓનું વિર્સજન કૃત્રિમ તળાવ તથા દરીયામાં કરવાનું રહેશે)

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મુર્તીઓ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ૦૫ (પાંચ) ફુટથી વધારે ઉચાઇની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર. ( માટી તથા પી.ઓ.પી.ની મુર્તીઓનું SMC દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરીયામાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) શ્રી ગણેશજીની મુર્તિના આગમન/સ્થાપના તેમજ વિસર્જન વખતે જાહેરમાર્ગ પર મંજુરી વગર સરઘસ કાઢવા ઉપર.

(૪) મંજુરીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા ઉપર.

(૫) ગણેશ આગમન/સ્થાપના તથા વિસર્જનના દિવસે જ્યારે મુર્તિઓ લઇ આવવામાં આવે ત્યારે ડી.જે. વગાડવા ઉપર.

(૬) શ્રીગણેશજીની મૂર્તિની સ્થાપના તેમજ વિસર્જના દિવસે ચાર વ્હીલર કરતા વધુ વ્હીલરના ટ્રેઇલરો ઉપર ગણેશજીની મૂર્તિઓ લઇ જવા ઉપર.

(૭) શ્રી ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં ઉંટગાડી, બળદગાડુ, હાથી કે ટ્રેલરનો ઉપયોગ કરવા પર.

(૮) ગણેશ મહોત્સવ દરમિયાન બિભત્સ ફિલ્મી ગીતો કે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત-સંગીત કે ભાષણો, પ્રવચનો વગાડવા પર તથા ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર કરવા પર..

(૯) શ્રીગણેશજીની મૂર્તિના આગમન/સ્થાપનાના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે વિસર્જન યાત્રા દરમિયાન કોઇ પણ વ્યક્તિઓએ શ્રી ગણેશજીની વિસર્જન યાત્રામાં જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/મિલક્તો ઉપર હાજર રહેલા માણસો ઉપર કોઇ પણ પ્રકારના રંગો કે પાઉડર ને છુટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી ઉડાડવા/છાંટવા કે ફેંકવા ઉપર.

(૧૦) ઓવારા વાઇઝ જ્યાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઇસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તીઓનું વિસર્જન કરવા ઉપર

(૧૧) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઇપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા કે અડચણ કરવા ઉપર.

(૧૨) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૧૩) કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર.

(૧૪) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર

(૧૫) ફાયબરની મૂતિ વિસર્જનના દિવસે તથા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર

(૧૬) મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓનો પત્ર નં. ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો સુરત શહેરમાં બહારથી ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: અમલવારીનો સમય ::

**સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૨/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.**

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમ ની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ.: ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી  સેક્ટર-૧ સુરત શહેર

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી  ટ્રાફિક તથા ક્રાઇમ,  સેક્ટર-૨ સુરત શહેર

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય

(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)